1. માનવકલ્યાણલક્ષી અભિગમ એટલે શું?

- માનવકલ્યાણલક્ષી અભિગમ ગરીબી, ભૂખમરો, દુષ્કાળ, યુદ્ધો, રંગભેદ, જાતિભેદ, વર્ગવિગ્રહો, આતંકવાદ, પ્રદૂષણ, માનવસર્જિત હોનારતો વગેરે વૈશ્વિક સમસ્યાઓનો પ્રાકૃતિક પર્યાવરણના સંદર્ભમાં પ્રાદેશિક અભ્યાસ કરે છે, આ અભિગમ એવા પ્રકારની સામાજિક આર્થિક વ્યવસ્થાઓ પર ભાર મૂકે છે કે, જેના દ્વારા વિશ્વના તમામ નાગરિકોને વિશ્વનાં બધાં જ સંસાધનો પર સમાન અધિકાર અને નિયંત્રણ પ્રાપ્ત થાય.

2. માનવકલ્યાણલક્ષી અભિગમ સમજાવો. (July 18)

- માનવકલ્યાણલક્ષી અભિગમ ગરીબી, ભૂખમરો, દુષ્કાળ, યુદ્ધો, રંગભેદ, જાતિભેદ, વર્ગવિગ્રહો, આતંકવાદ, પ્રદૂષણ, માનવસર્જિત હોનારતો વગેરે વૈશ્વિક સમસ્યાઓનો પ્રાકૃતિક પર્યાવરણના સંદર્ભમાં પ્રાદેશિક અભ્યાસ કરે છે, આ અભિગમ એવા પ્રકારની સામાજિક આર્થિક વ્યવસ્થાઓ પર ભાર મૂકે છે કે, જેના દ્વારા વિશ્વના તમામ નાગરિકોને વિશ્વનાં બધાં જ સંસાધનો પર સમાન અધિકાર અને નિયંત્રણ પ્રાપ્ત થાય.

3. માનવ ભૂગોળ એટલે શું?

- પૃથ્વી પર માનવજીવન વિકસ્યું છે. માનવીની મૂળભૂત જરૂરિયાતો ખોરાક, રહેઠાણ, વસ્ત્ર વગેરે ઉપર કુદરતી પરિબળો અસર કરે છે. આમ, માનવ અને કુદરતી પરિબળોની પરસ્પર થતી અસરોનો અભ્યાસ કરતી ભૂગોળને માનવ ભૂગોળ કહે છે.

4. વર્તનલક્ષી અભિગમ એટલે શું?

- કોઈ પણ ક્ષેત્રમાં ઉત્પન્ન થતું સાંસ્કૃતિક પર્યાવરણ તે ક્ષેત્રના માનવીનાં વ્યક્તિગત ગુણો, માન્યતાઓ, મૂલ્યો, રીતરિવાજો વગેરેનું પરિણામ છે. કોઈ પણ પ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિ ત્યાંના લોકોના વર્તન પર અસર કરે છે. માનવ સમુદાયોના વર્તન અને જીવનશૈલીથી સાંસ્કૃતિક પર્યાવરણ ઉદ્ભવે છે.

5. 'નવનિયતિવાદી' વિચારધારા શું સમજાવે છે?

- 'નવનિયતિવાદી' વિચારધારા સમજાવે છે કે, પ્રાકૃતિક નિયમોનું પાલન કરીને પ્રકૃતિનો ઉપયોગ માનવીએ કરવાનો છે. પ્રાકૃતિક પર્યાવરણને નુકસાન થશે, તો માનવસમાજ સામે માનવસર્જિત સમસ્યાઓ ઊભી થશે. જેથી માનવીનો વિકાસ રુંધાશે.

6. માનવ ભૂગોળ કઈ ત્રણ બાબતોના અભ્યાસને મહત્ત્વ આપે છે?

- માનવ ભૂગોળ ત્રણ બાબતોના અભ્યાસને મહત્ત્વ આપે છે : (1) પ્રાકૃતિક તત્ત્વો અને માનવજગત વચ્ચેનો સંબંધ, (2) માનવ પ્રવૃત્તિઓનું સ્થાનિક વિતરણ અને તે પ્રવૃત્તિઓ થવા પાછળનાં કારણો તથા (3) વિશ્વના પ્રદેશોમાં સામાજિક અને આર્થિક ભિન્નતાઓનું અધ્યયન.

7. “15મી સદીના ઉત્તરાર્ધથી 18મી સદી સુધીના સમયગાળાને સંશોધન યુગ કહેવામાં આવે છે.” શા માટે?

- 15મી સદીના ઉત્તરાર્ધથી 18મી સદી સુધીના સમયગાળાને સંશોધન યુગ કહેવામાં આવે છે, કારણ કે આ સમયગાળા દરમિયાન શોધપ્રવાસો દ્વારા વિશ્વના જુદા જુદા પ્રદેશોની વિસ્તૃત માહિતી એકત્ર કરવામાં આવી. નકશાનિમણિ કાર્યનો વિકાસ થયો. ભૂગોળવિદોએ પ્રાપ્ત માહિતીને વૈજ્ઞાનિક ઢાંચામાં વર્ગીકૃત કરી, જેથી ભૂગોળ વિષયનો જન્મ થયો.

8. નવનિયતિવાદી વિચારધારાનો હેતુ સ્પષ્ટ કરો.

- નવનિયતિવાદી વિચારધારાનો જન્મદાતા ગ્રિફિથ ટેઈલર હતો. આ વિચારધારાનો મુખ્ય હેતુ એ છે કે, પ્રાકૃતિક નિયમોનું પાલન કરીને પ્રકૃતિનો ઉપયોગ માનવીએ કરવાનો છે. પ્રાકૃતિક તત્ત્વોને નુકસાન થશે, તો માનવસમાજ સામે માનવસર્જિત સમસ્યાઓ ઊભી થશે. માનવવિકાસ આડે અનેક અંતરાયો ઊભા થશે.